ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાયત્રી પરિવાર દ્વારા હોળી નિમિત્તે દર્શનાર્થીઓને જાહેર અપીલ





તા.૨૮ માર્ચ રવિવારે હોળી પ્રાગટય ઠેર ઠેર ચોરેચૌટે થશે ત્યારે દર્શનાર્થે જતાં સૌ કોઈ લોકોને નમ્ર નિવેદન કે માસ્ક પહેરવું અને એકબીજા વચ્ચે નિયમ મુજબ અંતર જાળવવું. હોળીમાં હોમવા તલ, જવ, કપૂર,ગુગળ, લવિંગ, એલચી જેવા ઔષધીય ગુણો ધરાવતા પદાર્થો પણ સાથે લઈ જાય અને હોળીમાં હોમવામાં આવે તો જે તે સ્થળ વિસ્તારના વાયુ-વાતાવરણમાંથી અશુદ્ધિઓ દૂર થાય છે જે કોરોના વાયરસનાં જીવાણુઓનો નાશ કરવામાં મદદગાર સાબિત થશે તેમજ હોળી પ્રગટાવવામાં ગાયના સૂકાં છાણાં, આંબો, ખીજડો, વડ, પીપળો જેવા ઔષધીય ગુણો ધરાવતા સૂકાં કાષ્ટનો ઉપયોગ પણ પર્યાવરણ વાતાવરણને શુદ્ધ આરોગ્યપ્રદ બનાવવામાં સહાયરૂપ થશે વૈદિક- ઔષધીય ગુણો ધરાવતી વસ્તુઓને સૌ કોઈ યથાશક્તિ હોમે તો સૌના આરોગ્યને લાભદાયક બનાવવાનું યોગદાન થશે.

# પાટનગરમાં કોવીડના કેસ વધતા તંત્ર ચિંતિત

ગાંધીનગર, તા.૨૬

રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે. રાજયમાં કોરોનાના ૨૧૯૦ કેસ નોંધાયા છે.જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૬ દર્દીઓના મૃત્યુ નિપજયા છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. પાટનગરમાં પણ ૧૮ કેસ કોરોના પોઝીટીવ દર્દીઓના આવતા સિવિલ હોસ્પિટલનો ૭ અને ૮ મો માળ કોરોના પોઝીટીવ દર્દીઓથી ભરચક જોવા મળી રહ્યો છે. સિવિલમાં હાલના સમયે અંદાજીત ૧૦૦ થી વધુ વ્યકિતઓ કોરોના વોર્ડમાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે આગમી સમયમાં પણ કોરોના કેસ વધી શકે તેવી સ્થિતિમાં હોવાથી સિવિલ તંત્ર સાબદુ બની ગયું છે.

પાટનગરની કોવીડ હોસિપટલમાં છેલ્લા કેટલાક સમયથી નહીવત દર્દીઓ જોવા મળતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વધી રહેલા કોરોના સંક્રમણને પગલે કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. ત્યારે કેસ વધવાને પગલે તંત્રએ પણ નીચે કાર્યરત વોર્ડ અન્ય સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી છે. જો બીજીબાજુ નવીન વોર્ડમાં મેડીસીન થી લઈ સ્ટાફ સુધીની ગોઠવણ કરી દેવાઈ છે. હાલ તો કોવીડના દર્દીઓની સંખ્યા વધતી જોવા મળતા અન્ય નાની મોટી સારવાર માટે આવતા દર્દીઓ આવતા નથી. ત્યારે કોરોનાને કાબુમાં કરવા માટે મથામણ કરી રહેલા તંત્રને સફળતા મળે છે કે કેમ તે જોવુ રહ્યું.

# વાવેતર કરેલા વૃક્ષોને પાણી પીવડાવતા નગરસેવક



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના બ્યુગલ ફુંકાયા છે ત્યારે ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાધર ચુંટણીથી નિશ્ચિત થઈને ઉનાળાના ધોમધખતા તાપમાં વાવેતર કરેલા વૃક્ષો સુકાઈ ન જાય તે માટે પાણી પીવડાવી રહ્યા છે. પ્રકૃતિ પ્રેમી નાજાભાઈએ શહેરના વિવિધ સેકટરોમાં રેકોર્ડ બ્રેક નાનકડા વૃક્ષો આવેલા છે. અત્યારે હાલ ચુંટણીની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. ત્યારે મોટાભાગના નગર સેવક બનવા માટે કમરકસી રહ્યા છે ત્યારે નાજાભાઈ ધાધર વૃક્ષોના ઉછેરની ચિંતા કરી રહ્યા છે. ઉનાળામાં વૃક્ષોને પાણી જોઈએ અને આવનારી પેઢી માટે વૃક્ષો સલામત છે. તમામ વ્યકિતને છાંયડો જોઈએ છે અને વૃક્ષ નીચે બેસવુ છે પણ વૃક્ષોના વાવેતરને લઈ કોઈ આગળ આવતુ નથી. પરંતુ આ નગરસેવકે જે સ્થળ પર વૃક્ષોનું વાવેતર કર્યુ છે તે તમામ વૃક્ષોનું જતન તેઓ જાતે જ કરે છે.

# આજે સે-૪માં અને રવિવારે સે-૧૪માં હેપ્પી ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં હેપ્પી યુથ કલબ દ્વારા ઉજવાઈ રહેલા 'હેપ્પી સ્પેરો વીક' અંતર્ગત તા. ૨૭મી માર્ચ શનિવારના રોજ સેકટર-૪માં ઓમકારેશ્વર મહાદેવના મંદિરે હેપ્પી ચકલીઘરના નિઃશુલ્ક વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૨૮મી માર્ચે રવિવારના રોજ સેકટર-૧૪માં ગુપ્તા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે પણ હેપ્પી ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરાશે. બંને દિવસે કાર્યક્રમ સવારે ૮.૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં એક વ્યકિતને એક લેખે વહેલા તે પહેલાના ધોરણે હેપ્પી ચકલીઘર આપવામાં આવશે. આ કાર્યક્રમમાં કોવિડ૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવશે અને માસ્ક પહેર્યા વગર આવનાર વ્યકિતને ચકલીઘર આપવામાં આવશે નહીં તેની નોંધ લેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પરિણિતાએ પિયરપક્ષના ૧૪ સભ્યો સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતી એક પરિણિતાએ પોતાના જ પિયરના ૧૪ વ્યકિત સામે પ્રેમ લગ્નની અદાવત, સાસુ તેમજ પરિણિતાનો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૨૬ પ્લોટ નં.એન.-૭૦ ન્યુ ગ્રીનસીટી ખાતે રહેતા શ્રેયાબેન સાહિલકુમાર પટેલ પોતાના પતિ અને સાસુ સસરા સહિતના પરિવાર સાથે રહે છે. તાજેતરમાં યુવતિના પિતા હરેશભાઈ, માતા આશાબેન, કાકા મુકેશભાઈ અને સંજયભાઈ, દાદા કિર્તીભાઈ અનો નટુભાઈ, ફોઈઓ હસુમતીબેન, નીરુબેન, જાગૃતિબેન, કાકી મિત્તલબેન સંજયભાઈ પટેલ કુંટુબના ભાઈઓમાં વિક્રમભાઈ, ઘનશ્યામભાઈ, બ્રિજેશભાઈ, ફોઈના દિકરા ધ્રુવિલભાઈ આવ્યા હતા. યુવતિએ બે વર્ષ પહેલા કરેલા કોર્ટ મેરેજ અંગે પુછીને હોઈ હસુમતી બેન તેને એકલા ઘરની બહાર આવવાનું કહ્યું હતું. પરિણિતાએ એકલા વાત કરવાની ના પાડતા ફોઈ ગુસ્સે ભરાઈ હતી. ત્યારબાદ ફોઈ ગુસ્સે થઈને ગમે તેમ બોલવા લાગ્યા હતા. યુવતિના પતિ અને સાસુએ બોલવાની ના પાડતા પિયરપક્ષના વ્યકિતઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ અમારી મરજી વિરુધ્ધ લવમેરજ કર્યા છે. જે અમને માન્ય નથી જેથી શાંતિથી રહેવા નહી દઈએ. યુવતિ અને તેના પતિને ગડદાપાટુનો માર માર્યો હતો. યુવતિના સાસુ ઝગડામાં વચ્ચે પડતા મહિલાઓએ તેમને નીચે પાડી દીધા હતા. હોહા ને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ જતા તેઓ ભાગી ગયા હતા. પરંતુ જતા સમયે આખા પરિવારને મારી નાંખવાની ધમકી આપતા યુવતિના માતા-પતિ સહિત ૧૪ સભ્યો સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૮માં હોળી નહીં પ્રગટાવાય

ગાંધીનગર, તા.૨૬

દર વર્ષે પરંપરાગત રીતે સેકટર-૮-સી સરકારી વસાહતમાં પ્રગટાવવામાં આવતી હોળી આ વર્ષે નહીં પ્રગટાવાય. વધી રહેલા કોરોનાને પગલે સરકાર ચૂંટણીલક્ષી કાર્યક્રમો બંધ કરવાનું નામ નથી લેતી ત્યારે સામાન્ય નગરજનોને પોતાની ઈચ્છાઓનો વાર તહેવારે ભોગ આપવો પડે છે. કોરોનાની મહામારીના પરિસ્થિતિ જોતાં આ વર્ષે હોળી નહીં પ્રગટાવવાનો વસાહતીઓએ નિર્ણય લીધો છે.

# આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે સિલેકશન ટ્રાયલ્સનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે વિવિધ વયજૂથના ખેલાડીઓના સિલેકશન ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના ક-રોડ પર હોટલ ઘુંઘટ પાસે મધુવન ફાર્મમાં ટ્રાયલ્સ યોજાશે. આ સિલેકશન ટ્રાયલ્સમાં તા. ૪થી એપ્રિલ શનિવારે સિનિયર ટીમ માટે, તા. ૧૦મી એપ્રિલ શનિવારે અન્ડર-૧૬ માટે અને તા. ૧૧મી એપ્રિલ રવિવારે અન્ડર-૧૯ માટે સવારે ૭.૩૦ વાગ્યાથી યોજાશે.

સિલેકશન ટ્રાયલ્સમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવાનું રહેશે. જે અનુસાર દરેકે ફરજિયાત માસ્ક પહેરીને આવવાનું રહેશે. જરૂરી પરીક્ષણ બાદ જ ખેલાડીઓને પ્રવેશ આપવામાં આવશે તથા અન્ડર-૧૬ અને અન્ડર-૧૯ના ખેલાડીઓએ તેમના આધારકાર્ડ, સ્કૂલ અથવા કોલેજનું ફોટાવાળું બોનાફાઈડ સર્ટીફીકેટ ઓરીજીનલ તથા ફોટોકોપીમાં લાવવાનું રહેશે. સિનિયર ખેલાડીઓએ ફોટો આઈડી કાર્ડ તથા રહેઠાણનો પુરાવો લાવવાનો રહેશે. પુરાવા વગર કોઈ ખેલાડીને પ્રવેશ આપવામાં નહીં આવે તેવું એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગરના ખેલાડીએ શ્રીનગર ખાતે નેશનલ સોફ્ટ ટેનિસમાં ગોલ્ડ મેડલ જીત્યો



ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં શ્રીનગર ખાતે યોજાયેલ ૧૭મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગુજરાતની ટીમમાંથી ગાંધીનગરના હર્ષદીપસિંહ જશુભા પરમારે ગોલ્ડ મેડલ મેળવી શહેરને ગૌરવ અપાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હર્ષદીપસિંહ મૂળ સાયલા તાલુકાના સુદામડા ગામના વતની છે અને હાલ ગાંધીનગર ખાતે વસવાટ કરે છે. તેમને સરદાર પટેલ એવોર્ડ દ્વારા પણ સન્માનિત કરવામાં આવી ચુકયા છે. તેઓ સિવિલ એન્જિનીયરીંગમાં ગ્રેજયુએટ થયેલા છે અને હાલ એલડીઆરપી કોલેજ ખાતે માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યા છે. તેઓ પોતાની સફળતાનો યશ તેમના કોચ પ્રકાશભાઈ ધોબી અને સંદીપ ઝાલાને આપી રહ્યા છે.

# સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ મંડળ વચ્ચે ઓમઓયુ



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતેની સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા ભારતીય શિક્ષણ મંડળ દ્વારા સ્થાપિત રીસર્ચ ફોર રીર્સજન્સ ફાઉન્ડેશન સાથે પારસ્પરિક હિતોને ઉત્તેજન આપવા અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણમાં પરસ્પર સંસ્થાકીય સંશોધન અને તકનિકી સહયોગ સાધવા સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત સંયુકત સંશોધન યોજનાઓ, સંવાદો અને સર્વાંગી વિકાસને અનુલક્ષીને વિકાસ કાર્યો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણા તથા ભારતીય શિક્ષણ મંડળના અખિલ ભારતીય ગુરુકુળના દિપક કોઈરાલા તથા પૂર્ણકાલીન જ્ઞાનેશ્વર ગાયકવાડે ઉપસ્થિત રહી એમઓયુ સાઈન કર્યા હતા.

# ગાંધીનગરની ડૉ. શ્રેયા ચૌહાણને 'યંગેસ્ટ મેડીકલ ફેકલ્ટી' એવોર્ડ

**શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એવોર્ડ અપાયો : ડો. શ્રેયાએ ચીનની આરોગ્ય વ્યવસ્થા વિષયે તબીબોનો સેમિનાર યોજયો હતો**





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે દેશની પ્રથમ પબ્લિક હેલ્થ યુનિવર્સિટી ખાતે ચીનની આરોગ્ય વ્યવસ્થા વિષયે તબીબોનો સેમીનાર યોજનાર શહેરની યુવા તબીબી પ્રશિક્ષક ડૉ. શ્રેયા ચૌહાણને 'યંગેસ્ટ મેડીકલ ફેકલ્ટી' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ તેમને રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એનાયત કરીને સાથે પ્રમાણપત્ર તથા સ્મૃતિચિહ્ન પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની યુવા પ્રતિભાઓ દરેક ક્ષેત્રે નોંધપાત્ર પ્રદર્શન કરી રહી છે. ડૉ. શ્રેયા ચૌહાણ હોંગકોંગ નજીક ગોન્જાઉ ખાતે તબીબી અભ્યાસક્રમ કરી રહી છે. જેમાં તેઓએ કોરોના કાળમાં મેડીકલ ક્ષેત્રે વ્યાખ્યાન આપીને આંતરરાષ્ટ્રીયકક્ષાએ તબીબી વિદ્યાર્થીઓ માટે મહત્વનું યોગદાન આપ્યું હતું. ચીનના વુહાનમાં કોરોના વાયરસના પ્રારંભ કાળમાં જ તેમના અભ્યાસપત્રો ભારતીય માધ્યમોમાં ચમકયા હતા.

આ ઉપરાંત આકાશવાણી ઓલ ઈન્ડિયા રેડિયો પરથી પ્રસારિત થતાં કોરોના મહામારી સંબંધિત કાર્યક્રમોમાં પણ તેમણે ભાગ લીધો હતો. ગાંધીનગર ખાતેની આઈઆઈપીએચ ખાતે તેમણે ચીનની આરોગ્ય વ્યવસ્થા સંબંધિત બાબતે તબીબોનો સમિનાર પણ યોજયો હતો અને તેમાં તેમણે કોરોના વાયરસથી બચવા માટેની ભાવિ વ્યુહરચના પણ પ્રાપ્ત કરી હતી. ડૉ. શ્રેયા ચૌહાણના આ યોગદાનના પગલે તાજેતરમાં મેકીંગ ડોકટર્સ એસોસિએશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે 'યંગેસ્ટ મેડીકલ ફેકલ્ટી' એટલે કે સૌથી યુવા તબીબી પ્રશિક્ષકનો એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. શ્રેયા ચૌહાણે ભારત ટૂંક સમયમાં જ કોરોના મહામારી સામેની લડાઈનો જંગ જીતી જશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

# સેકટર-૨માં આ વર્ષે વૈદિક હોળી દહન યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટર-૨માં છેલ્લા ૨૨ વર્ષથી ગણેશ મહોત્સવની ટીમ તથા સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈ અને ઉપપ્રમુખ પ્રદ્યુમનસિંહ બિહોલાના નેતૃત્વ હેઠળ હોળીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે હોળી નિમિત્તે સમિતિ દ્વારા છાણાંમાંથી બનેલી લાકડા જેવી સ્ટીક બનાવીને વૈદિક હોળીનું પ્રાગટય કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. હોળી દહનમાં વૃક્ષોનું નિકંદન અટકે અને વાતાવરણમાં પણ શુધ્ધતા પ્રસરે તે હેતુથી સમિતિ દ્વારા ઈકો ફ્રેન્ડલી વૈદિક હોળીનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ આ સાથે કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશિયલ ડિસ્ટન્સ જળવાય તેની પુરેપુરી તકેદારીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હોળી દહનમાં લાકડાનો ઉપયોગ ઓછો કરીને વૈદિક હોળી પ્રગટાવાય જેનું અન્ય આયોજકો પણ અનુસરણ કરે એવી ઈચ્છા સમિતિએ વ્યકત કરી છે. આ સાથે હોળીના દર્શને આવનાર તમામ વ્યકિતને ફરજિયાત માસ્ક પહેરવા અને સેનેટાઈઝ થઈને જ આવવા સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે ગાંધીનગરમાં પુનઃ ઈતિહાસ રચાશે નવા પ્રકારના નાટ્યપ્રયોગની ભજવણી થશે





ગાંધીનગર પાસે આવેલ પૌરાણિક ધોળેશ્વર શિવાલય ખાતે શિવલિંગ અને પાર્વતી માતાને આજે ફુલોનો સુંદર શણગાર કરાયો હતો. દર્શનાર્થીઓ રોજ નવા સુંદર શણગારના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

ગાંધીનગર, તા. ૨૬

'વિશ્વ રંગભૂમિ દિવસ'ની ઉજવણી આ વખતે ગાંધીનગર માટે યાદગાર બનવા જઈ રહી છે કારણ કે ગાંધીનગરથી એક નવા જ પ્રકારના નાટ્યપ્રયોગનો પ્રારંભ આ દિવસથી થઈ રહ્યો છે.

નગરની કલાસંસ્થા ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ)નાં માનદ્ ડિરેક્ટર દિપલ પરમાર આ અંગેની વિગતો આપતાં જણાવે છે કે દુનિયાભરમાં ૨૭મી માર્ચના રોજ 'વિશ્વ રંગભૂમિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. નગરમાં જી ઈ કલબ એ એકમાત્ર એવી સંસ્થા છે કે જે વર્ષ ૨૦૦૨થી નિયમિતપણે રંગભૂમિ દિવસની ઉજવણી સ્ટેજ કાર્યક્રમના માધ્યમથી કરે છે. આ ઉપક્રમ અંતર્ગત કલબ દ્વારા અનેક નવા કલાકારોને પ્રથમ વખત મંચ પણ પૂરું પાડવામાં આવ્યું છે. એ અર્થમાં રંગભૂમિ દિવસની ઉજવણી સંસ્થા માટે અને કલાકારો માટે યાદગાર રહી છે. પરંતુ આ વખતે 'વિશ્વ રંગભૂમિ દિવસ'ની ઉજવણી સમગ્ર ગાંધીનગર માટે યાદગાર બની રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર તથા જી ઈ કલબના સ્થાપક અને પ્રમુખ કુંતલ નિમાવત દ્વારા 'ચર્ચા-નાટક' નામે એક નવા જ પ્રકારના નાટ્યપ્રયોગની શરૂઆત કરવામાં આવી રહી છે. તેમના દ્વારા લિખિત-દિગ્દર્શિત નાટક 'મને તરસ મૃગજળની' આ ઉપક્રમ અંતર્ગત ભજવાઈ રહ્યું છે. નગરના કલાકાર જયનલ રાવલ, મૌન સાધુ, કરિશ્મા પાટડીયા ઉપરાંત કુંતલ નિમાવત પણ આ નાટકમાં પોતાનો અભિનય આપી રહ્યા છે.

અલબત્ત, કોરોનાની વર્તમાન પરિસ્થિતિને જોતાં પ્રેક્ષકો આ નાટકને રૂબરૂ નહીં નિહાળે શકે, પરંતુ પ્રેક્ષકોને નાટકથી વિમુખ પણ નહીં રાખવામાં આવે. આ નાટ્યપ્રયોગને ગાંધીનગરની પ્રથમ ગુજરાતી વેબ ન્યૂઝ ચેનલ 'લાઈવ ગાંધીનગર'ના માધ્યમથી યુટ્યુબ પર લાઈવ પ્રસ્તુત કરવામાં આવશે. ૨૭મી માર્ચના રોજ રાત્રે ૮.૩૦ કલાકથી આ નાટ્યપ્રયોગ યુટ્યુબ પર લાઈવ પ્રસ્તુત થશે. રસિકોને આ નવા ઉપક્રમમાં સામેલ થઈ ઈતિહાસ સર્જનમાં ભાગીદારી નોંધાવવા કલબ દ્વારા અપીલ કરવામાં આવી છે.


# જન્મદિને વધામણી



ભારતી પટેલ
મો. ૭૬૯૮૨ ૮૧૬૧૨




કૃપાલી પરમાર



મિતુલ જોષી
મો. ૯૮૭૯૫ ૩૮૭૯૬



પર્વ ધવલ પટેલ



કથન હાર્દિક દરજી
મો. ૯૪૨૬૫ ૮૩૫૫૯

# નિઃશુલ્ક કુંડા વિતરણ કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૨૧માં પક્ષીઓ માટે પાણી ભરવાના કુંડા તથા ચકલીના માળાનું મફતમાં વિતરણ સે-૨૧ ખાતે ડીસ્ટ્રીકટ શોપિંગના વેપારી મિત્રો તરફથી તા. ૨૮-૩-૨૦૨૧



રવિવારના રોજ કરવામાં આવશે તો જીવદયા પ્રેમીઓએ તેનો લાભ લેવા વિનંતી. કોરોનાને લીધે સંક્રમણ ન વધે તે માટે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે અને ફરજીયાત માસ્ક પહેરીને આવવાનું રહેશે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પંડયા મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ**
  ઉ.વ. ૭૪, નવાધરમપુર (ભૂડીયા)
- **સ્વ. સાંચલા ભાનુમતીબેન બાબુલાલ**
  ઉ.વ. ૮૦, સેકટર-૧૫
- **સ્વ. ચંપાવત પ્રવિણસિંહ ભવાનસિંહ**
  ઉ.વ. ૬૭, સેકટર-૨૪
- **સ્વ. ઠાકોર ધુળીબેન સોમાજી**
  ઉ.વ. ૬૬, બોરીજ
- **સ્વ. પટેલ અમૃતલાલ છબીલદાસ**
  ઉ.વ. ૪૧, અલિન્દ્રા, નડિયાદ
- **સ્વ. પરમાર જમનાદાસ છબીલદાસ**
  ઉ.વ. ૮૬, સેકટર-૧૭
- **સ્વ. પટેલ જયંતિભાઈ બેચરભાઈ**
  ઉ.વ. ૬૯, નિરમાલી, કપડવંજ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. પટેલ મીનાબેન ભરતભાઈ**
  ઉ.વ. ૫૬, રાયસણ
- **સ્વ. જોશી ચંદ્રિકાબેન ગણપતરાય**
  ઉ.વ. ૭૨, સરગાસણ